
પ્રત્યેક મનુષ્યનું શારીરીક અને આર્થીક, શુભ અને અશુભ કર્મોનું ભાવી દર્શાવતું શાસ્ત્ર

# જૈન નક્ષત્ર શાસ્ત્ર

(પુસ્તક બીજું)

: સંશોધક :

પ્રેમચંદ મ. મહેતા




કિંમત આઠ આના.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

23-11-2

પ્રત્યેક મનુષ્યનું શારીરીક અને આર્થીક, શુભ અને અશુભ કર્મોનું ભાવી દર્શાવતું શાસ્ત્ર

# જૈન નક્ષત્ર શાસ્ત્ર

(પુસ્તક બીજું)


: સંશોધક :

પ્રેમચંદ મ. મહેતા



પ્રકાશક

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે

બુકસેલર્સ પબ્લીશર્સ

ત્રણ દરવાજા પાસે—અમદાવાદ



(સર્વ હક્ક લેખકને સ્વાધીન છે)



પ્રથમ આવૃત્તિ] : : [સને ૧૯૪૯



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

Serving JinShasan

110016
gyanmandir@kobatirth.org

ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમાં પરીખ સુરેશચંદ્ર
પોપટલાલે છાપ્યું. સલાપોસરોડ-અમદાવાદ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રસ્તાવના

જૈન નક્ષત્રશાસ્ત્ર પુસ્તક પહેલાના અનુસંધાન રૂપે આ પુસ્તક લખ્યું છે. નક્ષત્રો, ગૃહો, અને તેના તત્ત્વો.

તત્ત્વોમાં રહેલી શકિત એજ પ્રભુત્વ.

જૈનધર્મની ફીલોસોફી સૌ-સૌના કર્મ પ્રમાણે શુભ અને અશુભ આપ મેળેજ થાય છે.

જૈનેતર ધર્મો ઇશ્વર (પ્રભુ) ને કર્તા માને છે.

તત્વોના મીશ્રણથી થતા ફેરફારોમાંજ પ્રભુત્વ સમાયેલું છે કે જે બધું જ આપ મેળેજ થયા કરે છે.

જૈન સાહિત્યમાં **पृथ्वीकाय अपकाय तेउकाय वाउकाय** આ ચારે તત્વોનું યથાર્થ વર્ણન આપેલ છે. પણ તેના મીશ્રણથી થતા ફેરફારોનું પૃથકરણ કરેલ નથી. અને તે બધુંજ પૂર્વેના જ્ઞાનીઓ જાણતા હતા. ભાવી માટે તેનું પૃથકરણ કરવાનું યોગ્ય નહિ લાગ્યું હોય તેથી તે જ્ઞાન લોપ થયું હશે.

તે પછીના જ્ઞાનીઓએ તત્વોને જયોતીષી વિષયરૂપે જુદીજુદી રીતે વર્ણવ્યા હશે. ક્રમે કરીને તેમાં ફેરફાર થયો કે જે વર્તમાનકાળે પ્રચલીત છે. પણ આજીવીકાના સાધનરૂપે તેનો ઉપયોગ થતો હોવાથી તેના સત્યમાં શીથીલતા આવી હોય તેમ લાગે છે.

આ પુસ્તકની રચના હાલના અસંતોષીભર્યો જીવન જીવનારાઓ માટે ખાસ ઉપયોગી છે. કારણકે મનુષ્ય ગમેતેવા અશુભ કર્મો કરી ધન ઉપાર્જન કરવાનો પુરૂષાર્થ કરે છે. અને ધન પ્રાપ્તી થાય છે તે તો પૂર્વના શુભ કર્મોનેજ આભારી છે. પણ અશુભ કર્મો કરી ઉપાર્જન કરેલ ધનનો વ્યય અશુભ કર્મો બંધાય તેવા રસ્તેજ થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S.	Jin Gun Aaradhak Trust

શુભ કર્મના ઉદય વગર ધનપ્રાપ્તી થવાની નથી શુભકર્મોનો ઉદય થશે એટલે આપોઆપ ધન ઉપાર્જન કરવા માટેનું ક્ષેત્ર આવી મળશે. તે વખતે તે ક્ષેત્રને ટકાવી રાખવા માટે અશુભ કર્મો ન બંધાય તેવો પુરૂષાર્થ કરવો એજ હિતકારી છે.

હીંદુ અને જૈન અવીભકત કુટુંબોમાં દરેકનો પોતાનો સવાલ (સારીરીક યાતો આર્થીક) મુંજવતો હોય છે. તે વખતે આ પુસ્તકના મંતવ્યો ઉપર વીચાર કરી પોતાના અને પોતાના કુટુંબમાં ધાર્મીક નીયમીતતા ભર્યું જીવન જીવવાની પ્રેરણા કરવી. ધાર્મીકતાભર્યું જીવન એજ ભાવી શુભ કર્મોનું મૂળ છે.

ઇતી–શુભમ્

| | |
|---|---|
| ૨૦૦૫<br>વૈશાખ<br>શુકલપક્ષ | પ્રેમચંદ મ. મહેતા<br>રાજા મહેતાની પોળ, લક્ષ્મીનારાયણની પોળ<br>અમદાવાદ. |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## શ્રી સરસ્વત્યૈ નમઃ

જૈનીઝમમાં "**પૃથ્વીકાય**" પૃથ્વી. "**અપકાય**" જળ "**તેઉકાય**" અગ્ની. "**વાઉકાય**" વાયુ. આ ચારે તત્વોનું યથાર્થ વર્ણન આપેલ છે. એ ચારે તત્વો આકાશ મંડળમાં સાત જયોતીષી ગૃહો અને અઠ્ઠાવીસ નક્ષત્રોમાં સમાયેલા છે. ગૃહો ફરે છે તેથી ગૃહોના તત્વો પણ ફરે છે. અને નક્ષત્રો કુદરતી એવી રીતે સ્થીર ગોઠવાયેલા છે કે, જેથી જગતના તમામ જીવોને કાયમ પોષણ મળ્યા જ કરે છે.

પૃથ્વી ફરે છે તેથી નક્ષત્રનું અસ્ત થવું, અને ઉદય થવું, એમ એક પછી એક બન્યા જ કરે છે. નક્ષત્રો કુદરતી રીતે એવા સ્થીર ગોઠવાયેલા છે કે જે તત્વનું નક્ષત્ર પશ્ચિમમાં અસ્ત થાય, તે જ તત્વનું નક્ષત્ર પૂર્વમાં ઉદય થાય. અને તેથી જીવનને પોષણ આપનારા નક્ષત્રોનો ઉપરના અડધા આકાશમંડળમાં કાયમ ઉદય રહ્યા જ કરે છે.

આમ અનાદીકાળથી ચાલે છે અને ચાલશે.

## તત્વના ગૃહો અને નક્ષત્રો

**શની :** આ પૃથ્વી તત્વનો ગૃહ છે. તે સ્થાવર તત્વ છે. શનીના નક્ષત્રો પુષ્ય; પુર્વાફાલ્ગુણી; અભીજીત અને સતભીષા છે.

**શુક્ર :** આ પૃથ્વી તત્વનો ગૃહ છે. આ જંગમ તત્વ છે. શુક્રના નક્ષત્રો અસલેષા, મઘા, શ્રવણ, અને ધનીષ્ટા છે.

**ચંદ્ર :** આ જળ તત્વનો ગૃહ છે. સમુદ્ર જેટલું તેના તત્વનું પ્રમાણ છે. ચંદ્રના નક્ષત્રો–પુર્નવસુ, ઉતરાફાલ્ગુણી, ઉતરાષાઢા, અને પુર્વાભાદ્રપદ છે.

**બુધ :** આ વાયુ તત્વનો ગૃહ છે. વાયુ સર્વત્ર મર્યાદીત તત્વ છે. બુધના નક્ષત્રો આદ્રા, હસ્ત, પુર્વાષાઢા અને ઉતરાભાદ્રપદ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# અગ્ની તત્વના નક્ષત્રો અને ગૃહો

**સૂર્ય :** આ અગ્નીતત્વનો ગૃહ છે. જવાલા (દાવાનલ) જેટલું તત્વનું પ્રમાણુ છે. સૂર્યના નક્ષત્રો મૃગશર, ચીત્રા, મૂળ અને રેવતી છે.

**ગુરુ :** આ અગ્નીતત્વનો ગૃહ છે. યજ્ઞના અગ્ની જેટલું તત્વનું પ્રમાણુ છે. ગુરૂના નક્ષત્રો અશ્વની, રોહિણી, સ્વાતી અને જેષ્ટા છે.

**મંગળ :** આ ગૃહ અગ્ની તત્વનો છે. દીપકના અગ્ની જેટલું તત્વનું પ્રમાણુ છે. મંગળના નક્ષત્રો ભરણી, કૃતીકા, વીશાખા અને અનુરાધા છે.

દરેક ગૃહના ચાર નક્ષત્રો છે. અને એક નક્ષત્રના તત્વનું પ્રમાણુ એક ગૃહના તત્વો કરતાં ચોથા ભાગનું છે. જેથી અઠ્ઠાવીશ નક્ષત્રોના તત્વોનું પ્રમાણુ અને સાત ગૃહોના તત્વોનું પ્રમાણુ એકસરખું છે.

આ અઠ્ઠાવીસ નક્ષત્રો અને સાત ગૃહોને ઓળખવા એ જરૂરી છે. જેની પુસ્તક પહેલામાં સમજણુ આપેલી છે. તે વાંચી તે જ મુજબ આકાશ મંડળમાં તેનું મનન કરી લેવું. એ વધારે સારૂ છે. જેથી તત્વોની સમજણુ આપમેળે ધીરે ધીરે સમજાશે અને કુદરતી કળા ઉપર મુગ્ધ થવું પડશે અને પોતાના જીવનમાં સારા અને ઉત્તમ વિચારોનો ઉદ્‌ભવ ( પ્રકાશ ) થશે.

આ સાત ગૃહો ઉપરાંત, આકાશ મંડળમાં રાહુ અને કેતુ નામના બે ગૃહો ફરે છે. તે બીજા ગૃહો કે નક્ષત્રોની જેમ પ્રત્યક્ષ દેખી શકાતા નથી. આ બે ગૃહોના મુખ્ય પ્રભાવ જગતમાં ઉપદ્રવ કરવો, અશાંતી કરવી વગેરે અશુભ પ્રભાવ છે. ભૂતકાળમાં જ્યારે જ્યારે રાહુ કે કેતુ સાથે શની, ગુરૂ કે મંગળના યોગો થયા છે ત્યારે ત્યારે જ જગતમાં ઉપદ્રવ, અશાંતી વગેરે થયા છે. ભવિષ્યકાળમાં આવતા બે વર્ષમાં આવા યોગો થવાના છે. તો તે વખતે જગતમાં ઉપદ્રવ, અશાંતી વિગેરે અશુભ કાર્યો બનવા જોઇએ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# આકાશ મંડળમાં ફરતા ગૃહોની ગતી

શનીને આકાશ મંડળ ફરતાં ત્રીસ વર્ષ લાગે છે. અને એક નક્ષત્ર ઉપર એક વરસ એક માસ અને દશ દીવસ રહે છે. એક ચરણુ એટલે નક્ષત્રનો ચોથો ભાગ તેમાં ત્રણ માસ અને દસ દીવસ રહે છે.

ગુરુને આકાશ મંડળ ફરતા તેર વર્ષ લાગે છે.
એક નક્ષત્ર ઉપર પોણા છ માસ રહે છે.
એક ચરણુમાં એક મહીનો અને તેર દીવસના આશરે રહે છે.

રાહુ અને કેતુને આકાશ મંડળ ફરતાં અઢાર વર્ષ લાગે છે.
એક નક્ષત્ર ઉપર આઠ માસ રહે છે. એક ચરણુ ઉપર બે માસ રહે છે.
રાહુ અને કેતુ હંમેશાં અવળી ગતીથી આકાશ મંડળમાં ફરે છે.

મંગળને આકાશ મંડળ ફરતાં દોઢ વર્ષ લાગે છે.
એક નક્ષત્ર ઉપર વીસ દીવસ રહે છે.

સૂર્યને આકાશ મંડળ ફરતાં એક વર્ષ લાગે છે.
એક નક્ષત્ર ઉપર તેરથી ચૌદ દીવસ રહે છે.

શુક્રને આકાશ મંડળ ફરતાં એક વર્ષ લાગે છે.
એક નક્ષત્ર ઉપર બારથી તેર દીવસ રહે છે.

બુધને આકાશ મંડળ ફરતાં અગીઆર માસ લાગે છે.
એક નક્ષત્ર ઉપર નવથી દસ દીવસ રહે છે.

ચંદ્રને આકાશ મંડળ ફરતાં સત્તાવીસ દીવસ લાગે છે.
એક નક્ષત્ર ઉપર એક દીવસ રહે છે.

સૂર્ય અને ચંદ્ર વક્રીપણાને પામતા નથી તેથી હંમેશાં સીધી ગતીથી ચાલે છે શની, ગુરૂ, મંગળ, શુક્ર, બુધ, વક્રીપણાને પામે છે. તેથી તેમાંની ગતીમાં ફેરફાર થાય છે. તેથી તેમાં ઉતાવળી અને ધીમી ગતી થાય છે ત્યારે નક્ષત્રો ઉપર ઓછા વધતા દીવસો રહે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## જગત ઉપર દરેક ગૃહોનું પ્રભુત્વ (પ્રભાવ)

**શની**—ખેતીવાડીની જમીન, જંગલો, વૃક્ષો, રાજસત્તાધીશ પુરૂષો તથા દરેક વાદળી રંગની વસ્તુઓ ઉપર પ્રભુત્વ છે.

**ગુરુ**—વિદ્વાન્ પુરુષો ઉંચા દરજ્જાના રાજનૈતીક પુરૂષો, આધ્યાત્મીક પુરૂષો વિજ્ઞાન તથા નુતન શોધખોળ કરનારા પુરૂષો તથા પીળા રંગની દરેક વસ્તુઓ ઉપર આ ગ્રહનો પ્રભાવ છે.

**મંગળ**—હુન્નર ઉદ્યોગો ખાણો મીલો યાંત્રીક સાધનોમાં કામ કરનાર વર્ગ, લશ્કરી અમલદારી વર્ગ, વગેરે પ્રકારના પુરૂષો ઉપર તથા લાલ રંગની દરેક વસ્તુઓ ઉપર આગ્રહનું જ પ્રભુત્વ છે.

**શુક્ર**—બાગબગીચા, સમુદ્ર, સરોવર, સરીતા, કાંઠાંની જમીનો, ફળફુલના છોડો, વૈભવ–વીલાસની દરેક સામગ્રીઓ તથા સફેદ રંગની દરેક વસ્તુઓ ઉપર આગ્રહનું પ્રભુત્વ છે.

આ દરેક ગૃહોનો પ્રભાવ (પૃથ્વી) જગત ઉપર આકાશ મંડળમાં જે ગૃહો જે દીશામાં ભ્રમણ કરતા હોય તે દીશામાં પૃથ્વી ઉપર જે દેશો આવતા હોય તે દેશો ઉપર પડે છે.

**બુધ**—ગાયન, વાજીંત્ર નાટય, નૃત્ય આદી કળાનાં ક્ષેત્રમાં જે વર્ગ હોય તેના ઉપર આ ગૃહનો પ્રભાવ છે.

**ચંદ્ર**—સમુદ્રમાં ભરતી અને ઓટ ઉપર આ ગૃહનું પ્રભુત્વ છે.

## સુર્યથી ઋતુઓનો ફેરફાર

સુર્ય જયારે રેવતી, અશ્વની, ભરણી, કૃતીકા, રોહીણી અને મૃગશર, આ છ નક્ષત્ર ઉપર ભ્રમણ કરે ત્યારે ચોરાશી દીવસ ઉષ્ણુતા ઘણી જ હોય છે. (ગ્રીષ્મ) ઋતુ

પુનર્વસુ, પુષ્ય, અસલેષા, મઘા, પુર્વાફાલ્ગુની અને ઉતરાફાલ્ગુની આ છ નક્ષત્ર ઉપર ભ્રમણ કરે ત્યારે બહોતેર દીવસ વર્ષાઋતુ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચીત્રા, સ્વાતી, વીશાખા, અનુરાધા, જેષ્ટા, અને મૂળ આ ૭ નક્ષત્ર ઉપર ભ્રમણ કરે ત્યારે ઇઠ્ઠોતેર દીવસ ઉષ્ણ તથા શીત સમાન ઋતુ છે.

ઉતરાષાઢા, શ્રવણ, ધનીષ્ટા, સતતારા અને પુર્વાભાદ્રપદ, આ પાંચ નક્ષત્ર ઉપર ભ્રમણ કરે ત્યારે પાંસઠ દીવસ શીતઋતુ છે.

ઉતરાભાદ્રપદ, આદ્રા, હસ્ત, અને પુર્વાષાઢા આ ચાર નક્ષત્રો ઉપર સુર્ય ચૌદ દીવસ રહે છે. અને ત્યાર પછી ઋતુઓનો ફેરફાર થાય છે.

## મનુષ્ય જીવન ઉપર ગૃહોનું પ્રભુત્વ (પ્રભાવ)

શની : પ્રકૃતી, વૃત્તી. (જડ તત્વ)
ગુરૂ : રિદ્ધિ. (પુત્ર ધન) સિદ્ધિ. (વિદ્યા) (ચેતનતત્વ).
મંગળ : પ્રવૃત્તિ : કાર્ય શક્તિ. કુટુંબ સંબંધ.
સૂર્ય : દેહ, પીતા, પ્રતીષ્ટા.
શુક્ર : વ્યવહાર, વ્યાપાર, સત્તા, સ્ત્રી.
બુધ : મૌલીકતા.
ચંદ્ર : મન, માતા.
રાહુ : ગ્રહોના પ્રભુત્વનો અસુભ કર્તા, ઉપદ્રવ કર્તા.
કેતુ : ગ્રહોના પ્રભુત્વનો નાશ કર્તા.

## મનુષ્ય જીવન ઉપર ગૃહોની યુતિનું પ્રભુત્વ (પ્રભાવ)

શની : સ્વાર્થ વૃત્તિ.

શની અગ્ની તત્વના નક્ષત્રોમાં હોય, તો સ્વાર્થવૃત્તિ ઓછી હોય છે.

શની સાથે સૂર્યની યુતી હોય તો સ્વાર્થવૃત્તિ હોતી નથી. શની સાથે ચંદ્રની યુતી હોય તો મર્યાદા બહારની સ્વાર્થવૃત્તિ હોય છે.

સ્થાવર મીલ્કતનો માલીક યા બંધાવનાર થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગુરૂ : પુત્ર, ધન, અને વિદ્યા (જ્ઞાન).

આ ત્રણમાંથી એક વસ્તુની પ્રાપ્તિ થાય છે.

શની સાથે ગુરૂની યુતિ હોય તો ધનપ્રાપ્તિ થાય છે. જન્મતાં ન હોય તો પણ તેના જીવનમાં ધનની પ્રાપ્તિ કરે છે.

પુત્ર અને ધન. બંને વસ્તુની પ્રાપ્તી ઘણા મનુષ્યોમાં કોઇકને જ થાય છે. અને થાય છે તો ટકતી નથી.

ધન અને વિદ્યાની પ્રાપ્તી બંને સાથે હોતી નથી હજારો બલ્કે લાખો મનુષ્યોમાં એક જ પુન્યશાળી માનવીને પ્રાપ્ત થાય છે.

મંગળ : "પ્રવૃત્તિ"

મંગળ સાથે ગુરૂની યુતિ હોય તો કોઇ પણ ક્ષેત્રની પ્રવૃત્તિમાં સફળતા પામે છે અને વિકાસ થાય છે આગળ વધે છે.

મંગળ સાથે શનીની યુતિ હોય તો જે ક્ષેત્રમાં કામ કરે તેમાં સંપૂર્ણ સફળતા મળતી નથી પણ નીષ્ફળતા જ મળે છે. અને અસુભ પ્રવૃત્તિઓ જ કરે છે.

સૂર્ય : "પ્રતિષ્ઠા" (આબરૂ)

સૂર્ય સાથે શનીની યુતિ હોય તો તેના જીવનમાં પ્રતિષ્ઠા (આબરૂ)ને ધોકો લાગે તેવા પ્રસંગો બને છે. પીતાની માલમીલ્કતનો નાશ થાય યા તો પોતાને મળતી નથી.

સુર્ય સાથે ગુરૂની યુતિ હોય તો, પ્રતીષ્ઠા–આબરૂ વધે છે. વડીલોપાર્જીત મીલ્કતનો ભોક્તા બને છે.

શુક્ર : "સત્તા, સ્ત્રી." જંગમમીલ્કત, વ્યાપારક્ષેત્ર, સામાજીકક્ષેત્ર.

શુક્ર સાથે શનીની યુતિ હોય તેવા માણસોને પોતાના જીવનમાં મેળવવું અને ગુમાવવું બંને થાય છે.

વ્યાપાર ક્ષેત્રમાં અને સામાજીકક્ષેત્રમાં સ્થાન હોય તો તે ગુમાવવું પડે છે. સત્તાધીશ હોય તો સત્તાનો દુરૂપયોગ થાય છે. તેથી સત્તા ગુમાવવી પડે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જંગમ મીલ્કત મેળવે છે તો તે ગુમાવવી પડે છે.

સ્ત્રી સાથેનું જીવન શાંતીથી ભોગવી શકાતું નથી.

શુક્ર સાથે ગુરૂની યુતિ હોય તો દરેક પ્રકારનું ઉત્તમ જીવન ભોગવાય છે. અને સમાજમાં વ્યાપારમાં આગળ પડતો ગણાય છે. જંગમ મીલ્કત, વાહન, ઇત્યાદી મેળવનારો સત્તા ભોગવવાવાળો, શ્રેષ્ટ સ્ત્રીની પ્રાપ્તીવાળો થાય છે.

શુક્ર સાથે મંગળની યુતિ હોય તો ઉગ્ર વિષયવાસના-વાળો હોય છે.

શુક્ર, સૂર્ય અને બુધ ત્રણેની યુતિ હોય તો શ્રીમંત જ હોય છે યા તો ગર્ભ શ્રીમંત ગણાય છે અગર તેના જીવનમાં શ્રીમંત થવા માટેનો પ્રસંગ પ્રાપ્ત થાય છે.

**બુધ :** **મધુરવાણી અને કઠોરવાણી**

બુધ સાથે ગુરૂની યુતિ હોય તો મધુર અને ઉત્તમ વક્તા થાય છે.

બુધ સાથે શનીની યુતિ હોય તો ઉગ્ર અને કઠોર વક્તા થાય છે.

બુધ સાથે મંગળની યુતિ હોય તો ગાયન, વાજીંત્ર, કળાનો જાણવાવાળો થાય છે.

**ચંદ્ર :** **મહત્વાકાંક્ષા ( ઇચ્છાઓ )**

ચંદ્ર સાથે શનીની યુતિ હોય તો તેની ઇચ્છાઓ અધુરી રહે છે. જુઠો અને અવીશ્વાસુ ગણાય છે.

ચંદ્ર સાથે ગુરૂની યુતિ હોય તો દરેક ઇચ્છાઓ પુરી થાય છે.

ચંદ્ર સાથે મંગળની યુતિ હોય તો કુટીલતાથી ધન મેળવનારો થાય છે.

ચંદ્ર સાથે સુર્યની યુતિ હોય તો માતાપીતાનુ સુખ રહે નહિ. માતાને દુઃખ કરનાર થાય છે. પણ એકાંતજ્ઞાની થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચંદ્ર સાથે શુક્રની યુતિ, શનિની યુતિ જેવી ગણવી.

ચંદ્ર સાથે બુધની યુતિ ગુરૂની યુતી જેવી ગણવી.

## આપ મેળે જોવાની રીત

પોતાના જન્મ કાળના ગૃહો જે નક્ષત્ર ઉપર હોય, તે મુજબ પોતાના જન્મ કાળનું નક્ષત્રયંત્ર બનાવી રાખવું. (તે બનાવવા માટે જુઓ પુસ્તક પહેલું, પાનું ૧૨) તેમાં યુતી (યોગ) પ્રતીયોગ (વેધ) ચતુષ્કોણ (સ્કવેર) કયા કયા નક્ષત્ર ઉપર કયા કયા ગૃહોનો થયો છે તે નોંધી રાખવું.

યુતી, પ્રતીયોગ (વેધ) તથા ચતુષ્કોણ (સ્કવેર) જોવા માટે નક્ષત્રશાસ્ત્ર પુ. ૧ પા. ૯ જુઓ.

યુતીના પ્રભુત્વ કરતા પ્રતીયોગ (વેધ)નું પ્રભુત્વ અડધું ગણવું. અને ચતુષ્કોણ (સ્કવેર)નું પ્રભુત્વ ચોથા ભાગનું ગણવું.

નક્ષત્ર અને ગૃહની યુતીનું પ્રભુત્વ ચોથા ભાગનું ગણવું.

જે નક્ષત્ર જે ગૃહનું હોય તે ગૃહનું પ્રભુત્વ ચોથા ભાગનું ગણીને યુતી ગણવી આ સીવાય નીચેના ત્રીકોણ નક્ષત્રો ઉપર પડેલા ગૃહોનું પ્રભુત્વ શુભ કે અશુભ કતું નથી.

| | |
|---|---|
| અશ્વની, મઘા, મૂળ<br>૧ | ભરણી, પૂ. ફાલ્ગુની, પૂ. પાઢા<br>૨ |
| કૃતીકા, ઉ. ફાલ્ગુની, ઉ. પાઢા<br>૩ | રોહીણી, હસ્ત, શ્રવણ (અભીજીત)<br>૪ |
| મૃગશર, ચીત્રા, ધનીષ્ઠા<br>૫ | આર્દ્રા, સ્વાતી, સતતારા<br>૬ |
| પુનર્વસુ, વીશાખા, પૂ. ભાદ્રપદ<br>૭ | પુષ્ય, અનુરાધા, ઉ. ભાદ્રપદ<br>૮ |
| અશ્લેષા, જેષ્ઠા, રેવતી.<br>૯ | |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## નીચેના ત્રીકોણ નક્ષત્રોમાં પડેલા ગૃહોનું પ્રભુત્વ શુભ કર્તા જ છે.

રેવતી ને જેષ્ટા, અશ્વની ને મૂળ, મૃગશર ને ચીત્રા,
ઉ. ફાલ્ગુણી ને ઉતરાષાઢા, પૂર્વાભાદ્રપદ ને પુનર્વસુ.

કોઈ પણ ગૃહની સાથે રાહુની યુતી હોય તો તે ગૃહનું પ્રભુત્વ ઉપદ્રવ અસુભ કર્તા ગણવું. અને કેતુની યુતી હોય તો તે ગૃહનું પ્રભુત્વ નાશ પામેલું ગણવું.

આદ્રી, હસ્ત, પુર્વાષાઢા અને ઉતરાભાદ્રપદ એ ચારે નક્ષત્રોમાં પડેલા ગૃહોનું પ્રભુત્વ દુનીયાદારીની મોહમાયાજાળમાં કામ કરતું નથી. તેથી તેમાં પડેલા ગૃહોનું પ્રભુત્વ દુનીયાદારીથી જુદું ગણવું.

## જન્મના પડેલા ગૃહો ઉપરથી ભવિષ્યનાં શુભ અશુભ વર્ષો જુઓ.

આકાશ મંડળમાં શની અને ગુરૂનું ભ્રમણ, જન્મના પડેલા ગૃહો ઉપરથી પસાર થાય ત્યારે શુભઅશુભ કર્મોનો ઉદય જાણવા માટેઃ-

**શની :** અશુભ કર્મનો માલીક છે.

**ગુરૂ :** શુભ કર્મનો માલીક છે.

**મંગળ :** ઇન્દ્રીયોનો માલીક છે, અને શની અને ગુરૂની સત્તા નીચે કાર્ય કરવાવાળો છે.

**સુર્ય :** દેહનો માલીક છે શની અને ગુરૂના તત્વોથી દેહનું બંધારણ ઘડાય છે તથા ફેરફાર થાય છે.

**શુક્ર :** ભોગાવલી કર્મનો માલીક છે શની અને ગુરૂની સત્તાથી ભોગ્ય સામગ્રી વધવી ઘટવી બને છે.

**બુધ :** મૌલીકતા ગળુ અને જીભ. શની અને ગુરૂની સત્તાથી બોલવાવાળો છે.

**ચંદ્ર :** મનનો માલીક છે ગુરૂ અને શનીની સત્તાથી ત્યાગના અને રાગના મનોરથો ઉત્પન્ન કરનારો છે.


P. P. Ac. Gunratnasuri M.S.                Jin Gun Aaradhak Trust

તા. ક. શુભ કર્મોની ઉન્નતીની મર્યાદા પોતાના જન્મકાળ વખતે પોતાના માતપીતા તથા કુટુંબની સ્થીતી ઉપર અવલંબે છે. (આધાર રાખે છે.)

ગુરૂ : જે જે વરસે જે જે ગૃહ ઉપરથી પ્રસાર થાય તે તે વરસો શુભ કર્મોના ઉદયવાળા જાણુવા અને તે જન્મના પડેલા ગૃહનું પ્રભુત્વ શુભ ગણવું. તે વખતે અશુભ કર્મો ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું. કારણુ કે શુભ કર્મોનો પ્રભાવ અશુભ કર્મો વધવાથી ઘટે છે.

શની : જે જે વરસે જે જે ગૃહ ઉપરથી પ્રસાર થાય તે તે વરસો ;

નક્ષત્ર યંત્ર




P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અશુભ કર્મોના ઉદયવાળા જાણવા અને તે જન્મના પડેલા ગૃહનું પ્રભુત્વ અશુભ ગણવું અશુભ કર્મોના વખત દરમીયાન જપ, તપ, વૃત નીયમ વિગેરે કરવાં.

આયંબીલ ઉપવાસ, એકાસણાં યથાશક્તી ભક્તીકાર્યો કરવા શ્રાવકબંધુ એ વૃતના દીવસોમાં બધા મળી દસહજારથી એક લાખ સુધી નવકાર મંત્ર ગણવા તેથી અશુભ કર્મો કપાય છે અને શુભ કર્મોનો ઉદય થાય છે.

વર્તમાન કાળે આકાશ મંડળના બાર વીભાગના રાશીના નામ પ્રમાણે પ્રથા ચાલતી હોવાથી નક્ષત્રના તત્ત્વો વીગેરેની સમજ ઘણા ભાઇઓને કદાચ ન પડે તેથી આકાશમંડળના નક્ષત્રોના તત્ત્વોથી બાર ભાગ પાડી નક્ષત્ર યંત્રની રચના કરેલી છે. અને એ બાર વીભાગોના નામો વર્તમાનકાળે ચાલે છે તેજ રાખેલા છે. તેમાં જે ફરક છે તેની નીચે મુજબ સમજ આપેલ છે. વર્તમાનકાળની રાશીમાં સવા બે નક્ષત્રની રાશી બનાવેલ છે. ત્યારે આમાં બે નક્ષત્રની રાશી બનાવેલ છે. વર્તમાનકાળે પહેલીરાશી અશ્વની નક્ષત્રથી શરૂ થાય છે. ત્યારે આમાં રેવતી નક્ષત્ર શરૂ થાય છે. આકાશમંડળમાં ગૃહોનું ભ્રમણ વર્તમાન કાળના ગણીત પ્રમાણે ગણવું. રાશી નં. ૧૦ ના વીભાગમાં ઉત્તરાષાઢા નક્ષત્રથી જ પુર્ણ ગણવો કારણકે અભીજીત નક્ષત્ર ગૃહોની ગતિમાં લેવામાં આવેલ નથી આ ઉપરાંત વર્તમાનકાળના તત્ત્વો જે રાશીમાં ગણેલા છે તેમાં નીચે મુજબ ફરક છે.

| | | | |
|---|---|---|---|
| મેષ ૧ | સીંહ ૫ | ધન ૯ | અગ્નીતત્વ |
| વરખ ૨ | કન્યા ૬ | મકર ૧૦ | પૃથ્વીતત્વ |
| મીથુન ૩ | તુલા ૭ | કુંભ ૧૧ | વાયુતત્વ |
| કર્ક ૪ | વૃ. ૮ | મીન ૧૨ | જળતત્વ |

ઉપર મુજબ વર્તમાનકાળે રાશીના તત્વો ગણાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ નક્ષત્રયંત્રની રચનામાં

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | અગ્નીતત્વ | |
| ૭ | ૮ | ૯ | | |
| ૪ | ૫ | ૬ | જળતત્વ | |
| ૧૦ | ૧૧ | ૧૨ | પૃથ્વીતત્વ | |

આમાં ૫, ૧૧, પૃથ્વીતત્વ છે
૪, ૧૦, ૬, ૧૨, મીક્ષતત્વ છે

અને વાયુતત્વના આર્દ્રા પુ. ષાઢા, હસ્ત, ઉ. ભાદ્રપદ આ ચાર નક્ષત્રો છે તે બધા તત્વોને જુદા પાડે છે. એવી રીતે આકાશ મંડળમાં ગોઠવાયેલા છે.

## યુતી પ્રતીયોગ ચતુષ્કોણ

દરેક વીભાગો (રાશી)માં ગણુવા.
સુર્ય મંગળ અને ગુરૂ

૧ ૨ ૩ } આ રાશીમાં બળ-
૭ ૮ ૯ } વાન ગણુવા.

કારણ કે અગ્ની તત્વોના ગૃહો અગ્નીતત્વની રાશીમાં બળવાન ગણુવા.

૪ ૫ ૬ } શનિ, શુક્ર, અને ચંદ્ર આ રાશિમાં
૧૦ ૧૧ ૧૨ } બળવાન ગણુવા.

કારણ કે પૃથ્વીતત્વ જળતત્વમાં પૃથ્વીતત્વ જળતત્વના ગૃહો બળવાન ગણુવા.

## ત્રીકોણ

૧ ૫ ૯ } ત્રીકોણમાં
૨ ૬ ૧૦ } કોઇ પણ ગૃહ
૩ ૭ ૧૧ } અશુભ કર્તા
૪ ૮ ૧૨ } નથી.

પણ ૧ ૯ ૩ ૭
૬ ૧૦ ૧૨ ૪

આ રાશીઓના ત્રીકોણમાં પડેલા ગૃહો શુભકર્તા છે.

પ્રતીયોગમાં ૨–૮ ને ૫–૧૧ આ રાશીનો પ્રતીયોગ મંગળ અને શુક્રમાં યુતી જેટલું યોગ બળ ગણવું.

બીજા દરેક યોગોમાં યુતી કરતા પ્રતીયોગમાં અડધું પ્રભુત્વ ગણવું અને ચતુષ્કોણમાં ચોથા ભાગનું પ્રભુત્વ ગણવું. બાકી આર્દ્રા હસ્ત, પુ. ષાઢા ઉ. ભાદ્રપદ આ ચાર નક્ષત્રો બુધના છે. તેમાં થએલી યુતી અગર તેમાં પડેલા ગૃહો દુનીયાદારીની મોહમાયા જાળમાં કામ કરતા નથી તેથી તેમાં પડેલા ગૃહો સાથે બીજા ગૃહોનો ત્રીકોણ પ્રતીયોગ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કે ચતુષ્કોણ પણ થતો નથી એ ચાર નક્ષત્રોનો વેધ યુતી ચતુ-ષ્કોણ એ ચારે નક્ષત્રો પુરતો જ ગણવો અને તેમાં પડેલા ગૃહોનું પ્રભુત્વ દુનીયાદારીથી જુદું ગણવું.

## શશીઓમાં પડેલા ગ્રહો યુતી (યોગ)નું પ્રભુત્વ.

શની અને ગુરૂ : સ્થાવર મીલ્કતવાળો યશસ્વી મંત્રતંત્ર જાણવાવાળો.

શની અને મંગળ : ધનથોડું, સુખથોડું, જડબુદ્ધી, માણુસાઇ વગરનો શાસ્ત્રોનો જાણકાર.

શની અને સુર્ય : ધર્મમાં પ્રીતી, મંદબુદ્ધી, શત્રુઓને વશ થનાર.

શની અને શુક્ર : અલ્પસંપત્તી સલાટ, શિલ્પી, જડ સ્વભાવ સંતોષ વગરનો.

શની અને બુધ : ચંચળ સ્વભાવ, કલહ ધર્મી, વીદ્યા અને ધન-થી મુકત.

શની અને ચંદ્ર : જુઠો, વિશ્વાસઘાતી, અચારહીન, સ્ત્રીમાં–પ્રીતી વૈશ્યવૃત્તીવાળો.

ગુરૂ અને મંગળ : કુશળતા, જાગીરદાર, ગણીતશાસ્ત્રી, કાયદાબાજ.

ગુરૂ અને સુર્ય : પરોપકારી, સમૃધીવાળો, ચતુર, શ્રદ્ધાવાન.

ગુરૂ અને શુક્ર : સ્ત્રીપુત્ર, ધન, સુખી, શાસ્ત્રાથી.

ગુરૂ અને બુધ : સંગીત વીનયી ધૈર્યવાળો બોલવામાં ચતુર જન કલ્યા-ણ કરવાવાળો.

ગુરૂ અને ચંદ્ર : નમ્રતા, ગુપ્ત મંત્ર જાણવાવાળો પરોપકારી ધર્મ કરનાર.

મંગળ અને સુર્ય : કલેશ, ધનવગરનો, ક્રોધી, જુઠો, પાપી, પરાક્રમી.

મંગળ અને શુક્ર : પ્રપંચી, વ્યભીચારી વેર કરનાર અભીમાની સ્ત્રીઓમાં લુપ્ત.

મંગળ અને બુધ : વૈદ્ય, ડોકટર, વક્તા, સીલ્પી સ્ત્રીઓ ભોગવનાર સોનું તથા લોખંડનું કામ કરનાર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મંગળ અને ચંદ્ર : માતાને દુઃખ કરનાર કુટીલતાથી ધનપ્રાપ્તી કરનાર.
સુર્ય અને શુક્ર : શ્રેષ્ટ બુદ્ધી સંગીતકાર મીત્રોવાળો.
સુર્ય અને બુધ : મધુરવાણી, ધન મેળવનાર વેદ વિદ્યા પ્રાપ્ત કરનાર.
સુર્ય અને ચંદ્ર : દુષ્ટકર્મી, અભીમાની, સ્ત્રીને વશ થનાર.
શુક્ર અને બુધ : ગુણવાન પ્રીયવક્તા સ્વરૂપવાન આનંદી ગાવામાં કુશળ.
શુક્ર અને ચંદ્ર : વ્યસની, ધર્મ તજનારો, વીધર્મી નાસ્તીક.
બુધ અને ચંદ્ર : દયાળુ કાંતીવાન ધનવાળો મધુરવાણીવાળો સ્ત્રીમાં પ્રીતીવાળો.

રાશીમાં પડેલા ગૃહો એકલા હોયતો તેનું પ્રભુત્વ તત્વની રાશીબળ પ્રમાણે ગણવું. રાહુ કે કેતુની યુતી હોય તો તે ગૃહોનું પ્રભુત્વ હણાયેલું ગણવું.

**નક્ષત્રયંત્રમાં** પોતાના જન્મકાળના ગૃહો મુકીને નક્ષત્રયંત્ર બનાવી રાખવું અને ગોચરમાં ફરતા શની અને ગુરૂ જયારે જન્મના પડેલા ગૃહો ઉપર આવે ત્યારે શની અશુભ કરે છે અને ગુરૂ શુભ કરે છે તો તે વર્ષો ગૃહોના ભ્રમણ ઉપરથી વર્ષો ગણીને નોંધી રાખવા.

---

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## દીનં દશાનો કોઠો

| અશ્વની | ભરણી | કૃતીકા | રોહીણી | મૃગસર | આર્દ્રા | પૂર્નવસુ | પૂષ્ય | અશ્લેશા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| મઘા | પૂ. ફા-લ્ગુણી | ઉ. ફાલ્ગુણી | હસ્ત | ચીત્રા | સ્વાતી | વીશા-ખા | અનુ-રાધા | જેષ્ટા |
| ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| મૂળ | પૂ. ષાઢા | ઉ.ષાઢા | શ્રવણ (અભિજીત) | ધનીષ્ટા | સત-તારા | પૂ.ભા. | ઉ.ભા. | રેવતી |
| ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ |
| કર્મ | લાભ | વીપત | સુખ | કષ્ટ | ધ્રચ્છીત | ખર્ચ | મીત્ર | મીત્રો |

જન્મનો ચંદ્ર જે નક્ષત્ર ઉપર હોય તે નક્ષત્રથી ગણવું.

## દીનદશાની સમજણ

દાખલા તરીકે અશ્વની નક્ષત્રના નામવાળાને સુર્ય સ્વાતી નક્ષત્ર ઉપર હોય ત્યારે તેને પંદરમા નક્ષત્ર ઉપર સુર્ય છે એમ ગણવું. પંદરમા નક્ષત્ર ઉપર સુર્ય રહે તેટલા દીવસમાં કાર્યસીદ્ધી (લાભ) થાય.

તેટલા દીવસમાં ચંદ્ર, આર્દ્રા, સ્વાતી કે સતતારા નક્ષત્ર ઉપર જે દીવસે આવે તે દીવસે કાર્યસીદ્ધીનો (લાભ) થાય.

એવી રીતે પોતાના જન્મ નક્ષત્રથી દરેક ગણત્રી કરવી.

| | | | | |
|---|---|---|---|---|
| પોતાના જન્મ નક્ષત્રથી સુર્ય અને ચંદ્ર | ૧ | ૧૦ | ૧૯ | આ નક્ષત્રો ઉપર આવે ત્યારે શુભ છે. |
| | ૨ | ૧૧ | ૨૦ | |
| | ૩ | ૧૩ | ૨૨ | |
| | ૬ | ૧૫ | ૨૪ | |
| | ૮ | ૧૭ | ૨૬ | |
| | ૯ | ૧૮ | ૨૭ | |

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

| | | | |
|---|---|---|---|
| ૩ | ૧૨ | ૨૧ | આ નક્ષત્રો ઉપર આવે ત્યારે અશુભ છે. |
| ૫ | ૧૪ | ૨૩ | |
| ૭ | ૧૬ | ૨૫ | |

## ચોઘડીઆ અને હોરા

હોરા એટલે ગૃહો, ચોઘડીઆ એટલે ગૃહના ગુણદોષ ઉપરથી ચોઘડીઆના નામ આપેલા છે. ચોઘડીઆ સગવડ ભરેલા હોવાથી વર્તમાન કાળે તેનો પ્રચાર ઘણો છે. અને ખાસ કરીને આપણા દેશમાં જ તેનો પ્રચાર છે. (દેશ એટલે ગુજરાતી ભાષા વપરાતી હોય તે પ્રદેશ) આમાં શ્રદ્ધા અને અનુભવથી સુધારો કરવાની જરૂર છે. ગૃહો અને ગૃહોના તત્વો જગત અને જગતના તમામ જીવો ઉપર પ્રભાવશક્તી ધરાવે છે. ચોઘડીઆ અને હોરામાં વખતના ફેરફાર સીવાય બીજો કોઇ ફેરફાર નથી. ચોઘડીયું દોઢ કલાકનું છે હોરા એક કલાકની છે. તેનું પ્રમાણ સુર્યોદયનું છે કોઇ પણ જગ્યાએ સુર્યોદય જેટલા કલાકે અને જે મીનીટે થાય ત્યારથી જે વાર હોય તે ગૃહનો પ્રભાવ એક કલાક સુધી રહે છે. એટલે તેના તત્વોનો સ્પર્શ થાય છે અને તેના ગુણદોષ ગણાય છે.

| હોરા (ગૃહો) | ચોઘડીયા | ગુણદોષ |
|---|---|---|
| શની | કાળ | શનીના તત્વો વીનાશકારી છે તેથી તેનું કાળ નામ છે. |
| ગુરૂ | શુભ | ગુરૂના તત્વો જીવન પોષણના છે તેથી તેનું શુભ નામ છે. |
| મંગળ | રોગ | મંગળના તત્વો રોગકારક છે તેથી તેનું રોગ નામ છે. |
| સુર્ય | ઉદવેગ | સુર્યના તત્વો દાવાનલ અગ્ની જેવા છે તેથી તેનું ઉદવેગ નામ છે. |
| શુક્ર | ચળ | શુક્રના તત્વો વીલાસકારક છે તેથી તેનું ચળ નામ છે. |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| બુધ | લાભ | બુધના તત્વો મધુર ભાષીત છે તેથી તેનું લાભ નામ છે. |
| ચંદ્ર | અમૃત | ચંદ્રના તત્વો અમૃતકારક છે તેથી તેનું અમૃત નામ છે. |

પૃથ્વીથી પહેલો ગૃહ ચંદ્ર છે, બીજો ગૃહ બુધ છે, ત્રીજો ગૃહ શુક્ર છે, ચોથો ગૃહ સુર્ય છે, પાંચમો ગૃહ મંગળ છે, છઠ્ઠો ગૃહ ગુરૂ છે સાતમો ગૃહ શની છે.

## જેને પોતાના જન્મના ટાઇમની ચોક્કસ નોંધ હોય તેને:—

પોતાના જીવનમાં કયા વરસોં શુભ અને કયા વરસો અશુભ છે. તથા કયા મહીના સારા છે અને કયા મહીના ખરાબ છે તેની હોરા ઉપરથી નીચે મુજબ ગણત્રી છે.

પોતાના જન્મના ટાઇમ ઉપરથી પોતાનો જન્મ કયા હોરામાં થયો છે તે નક્કી કરવું.

### જન્મની હોરા અને મહીનો

ચંદ્રની હોરામાં વૈશાખ મહીનામાં જન્મ હોય, તેને નીચે મુજબ મહીનાઓ સારા અને ખરાબ ગણવા.

| ચંદ્ર. | શનિ. | ગુરૂ. | મંગળ. | સૂર્ય. | શુક્ર. | બુધ. |
|---|---|---|---|---|---|---|
| વૈશાખ | જેઠ | અશાડ | શ્રાવણ | ભાદરવો | આસો | કારતક |
| માગશર | પોષ | મહા | ફાગણ | ચૈત્ર. | | |

શનિ મંગળ અને સૂર્યના મહીના ખરાબ ગણવા.

ચંદ્ર ગુરૂ શુક્ર બુધના મહીના સારા ગણવા.

આ ઉપરથી પોતે પોતાના જન્મની હોરા અને જન્મના મહીના ઉપરથી ઉપર મુજબ ગોઠવીને ગણવું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## જન્મની હોરા ઉપરથી શુભ અશુભ વર્ષો

| હોરા | ચંદ્ર. | શનિ. | ગુરૂ. | મંગળ. | સૂર્ય | શુક્ર. | બુધ. |
|---|---|---|---|---|---|---|---|
| વર્ષ | પહેલું. | બીજું | ત્રીજું | ચોથું | પાંચમું | છઠ્ઠું | સાતમું |
| | આઠમું | નવમું | દસમું | અગીયારમું | બારમું | તેરમું | ચોદમું, |
| | પંદરમું | સોળમું | સત્તરમું | અઢારમું | ઓગણીસમું | વીસમુ | એકવીસમું |
| | બાવીસમું | તેવીસમું | ચોવીસમું | પચીસમું | છવીસમું | સત્તાવીસમું | અઠ્ઠાવીસમું |
| | ઓગણત્રીસમું | ત્રીસમું | એકત્રીસમું | બત્રીસમું | તેત્રીસમું | ચોત્રીસમું | પાંત્રીસમું |
| | છત્રીસમું | સાડત્રીસમું | આડત્રીસમું | ઓગણચાલીસમું | ચાલીસમું | એકતાલીસમું | બેતાલીસમું |
| | તેંતાલીસમું | ચુમાલીસમું | પીસ્તાલીસમું | છેંતાલીસમું | સુડતાલીસમું | અડતાલીસમું | ઓગણપચાસમું |
| | પચાસમું | એકાવનમું | બાવનમું | તેપનમું | ચોપનમું | પંચાવનમું | છપનમું |
| | સત્તાવનમું | અઠ્ઠાવનમું | | | | | |

ચંદ્ર, ગુરૂ, શુક્ર તથા બુધનાં શુભ વર્ષો ગણવાં.

શની, મંગળ સૂર્યનાં અશુભ વર્ષો ગણવાં.

## દિશાચક્ર માટે વિશેષ સમજુતી

પુસ્તક પહેલામાં દિશાચક્ર આપેલ છે તે દિશાચક્ર સર્વતોભદ્ર ઉપરથી બનાવેલ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દિશા ચંદ્ર ઉપરથી જોવામાં આવે છે. આકાશમંડળ ફરતાં ચંદ્રને સત્તાવીસ દિવસ લાગે છે. સત્તાવીસ દિવસમાં પૃથ્વીના ચાર ખૂણા અને ચાર દિશા એમ એક પછી એક આવે એવી રીતે ગણવું જોઇએ. વર્તમાનકાળે નવ નવ દિવસે ફરી એક દિશા ગણાય છે પૂર્વમાં ચંદ્ર જે દિવસે હોય તેનાથી દસમા દિવસે ફરી પાછી પૂર્વ દિશા ગણાય છે. આ ગણત્રી સૂર્યના કરતાં ચંદ્રની દિશા ગણત્રી જુદી હોવી જોઈએ. નહીંતર પૂર્વમાં ચંદ્ર ફરીથી સત્તાવીસ દિવસે આવવો જોઇએ.

ચંદ્રની દિશા પ્રમાણે પ્રયાણ યા બીજા કોઇ પણ કાર્યો કરતી વખતે ચંદ્ર અનુકુળ આવતો હોય પણ જો ચંદ્રની સાથે શનિ, રાહુ કે કેતુની યુતી હોય તો તે દિવસ ત્યાજ્ય કરવો. અને ગુરૂની યુતી હોય તો તે દીવસ ઉત્તમ ગણવો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust